# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**કપડવંજ કોર્ટનો સીમાચિહ્નરૂપ ચુકાદો | અગાઉ 20 વર્ષની સજા થયા બાદ જામીન પર છૂટી ફરી નવો ગુનો આચર્યો**

# કપડવંજમાં સગીરા પર દુષ્કર્મ કેસમાં નરાધમને અંતિમ શ્વાસ સુધીની જેલ

**ભોગ બનનારને** પાંચ લાખનું વળતર ચૂકવવા આદેશ કરાયો

(પ્રતિનિધિ) કપડવંજ તા.6

કપડવંજની સ્પેશિયલ પોક્સો કોર્ટે સમાજ માટે જોખમરૂપ બનેલા એક રીઢા ગુનેગારને કડક પાઠ ભણાવ્યો છે. કઠલાલના રાહુલ ઉર્ફે બોકડાએ એક 15 વર્ષની માસૂમ સગીરાને પોતાની હવસનો શિકાર બનાવી ગર્ભવતી બનાવી હોવાના કેસમાં કોર્ટે તેને આજીવન કેદ (કુદરતી મૃત્યુ સુધી) ની સજા ફટકારી છે. આરોપી અગાઉ પણ પોક્સોના ગુનામાં 20 વર્ષની સજા પામેલ હોવા છતાં જામીન દરમિયાન ફરી આ જ પ્રકારનો ગંભીર ગુનો આચરતા કોર્ટે તેને સમાજ માટે જોખમી ગણાવ્યો હતો.

આ કેસની વિગત મુજબ, કઠલાલના ખાડા વિસ્તારમાં રહેતા રાહુલ ઉર્ફે બોકડો દિલીપભાઈ વાંસફોડીયાએ 15 વર્ષ અને 8 માસની સગીરાની એકલતાનો લાભ લઈ 14મી ફેબ્રુઆરી,2025થી 8મી જૂન,2025 દરમિયાન ઝાડી ઝાંખરામાં લઈ જઈ બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજાર્યું હતું. આ શખસે સગીરાને જાનથી મારી નાખવાની ધમકી આપી અને ત્યારબાદ લગ્નની લાલચ આપી અવારનવાર શરીર સંબંધ બાંધી સગીરાને ગર્ભવતી બનાવી હતી. આ અંગે કઠલાલ પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ તપાસના અંતે ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી.

આ કેસમાં કોર્ટે આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ-77 મુજબ આજીવન કેદ અને કલમ-87 મુજબ 4 વર્ષની સાદી કેદ તેમજ રૂપિયા 2500નો દંડ ફટકાર્યો છે. આ તમામ સજાઓ એકસાથે ભોગવવાની રહેશે. આ કેસમાં એ.પી.પી. મિનેષ આર. પટેલે 31 દસ્તાવેજી પુરાવા અને 13 મૌખિક પુરાવા રજૂ કર્યા હતા અને આરોપીને સખત સજા મળે તે માટે દલીલ કરી હતી.

### નરમ વલણ અપનાવવામાં આવે તો જનતાનો ન્યાયતંત્ર પરથી વિશ્વાસ ઉઠી શકે

આ કેસમાં સ્પેશિયલ જજ કે.એસ. પટેલે ચુકાદામાં નોંધ્યું હતું કે, આરોપી આદતવશ ગુના કરતો હોવાથી તેને સુધારવાની તક આપવી એ સમાજ માટે જોખમી છે. ન્યાયિક દ્રષ્ટિએ સુધારણા કરતા અક્ષમ બનાવવો-જેલમાં રાખવોએ વધુ મહત્વનું છે. આવા તત્વો સામે નરમ વલણ અપનાવવામાં આવે તો સામાન્ય જનતાનો ન્યાયતંત્ર પરથી વિશ્વાસ ઉઠી શકે છે. આરોપી અગાઉ સજા પામેલ હોવા છતાં તેના પર કોઈ હકારાત્મક અસર થઈ નથી. આવા આરોપીને આજીવન કેદ આપવી એ સમાજ માટે 'સુરક્ષા કવચ' સમાન છે, જેથી સ્ત્રીઓ અને બાળકોમાં અસલામતીની ભાવના ન જન્મે. કોર્ટે ભોગ બનનારી સગીરાને ગુજરાત વિકટીમ કોમ્પન્સેશન સ્કીમ-2019 મુજબ રૂપિયા પાંચ લાખ ચૂકવવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ખેડાને આદેશ કર્યો છે. આ રકમમાંથી 75 ટકા રકમ ભોગ બનનારના નામે 5 વર્ષ માટે ફિક્સ ડિપોઝિટમાં રાખવામાં આવશે અને તેનું વ્યાજ સગીરાને ચૂકવવામાં આવશે.

# પેટલાદની સગીરા પર દુષ્કર્મ ગુજારનારાને 20 વર્ષની કેદ

**પ્રેમજાળમાં** ફસાવી સગીરાનું અપહરણ કરનારા બોરસદના શખ્સને સજા

(પ્રતિનિધિ) આણંદ તા.6

પેટલાદ પંથકની 17 વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવી, તેનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર આરોપી નીલેશ જશવંતભાઈ રાઠોડને અદાલતે કસુરવાર ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

બોરસદ તાલુકાના નાપા એકતાનગરનો રહેવાસી નીલેશ રાઠોડ પેટલાદમાં તેના સંબંધીને ત્યાં આવતો હોવાથી સગીરાના સંપર્કમાં આવ્યો હતો. ગત 10મી નવેમ્બર 2024ના રોજ તેણે સગીરાને પ્રેમજાળમાં ફસાવી તેનું અપહરણ કર્યું હતું અને બોટાદ જિલ્લાના રંગપુર ગામે અલગ-અલગ ખેતરની ઓરડીઓમાં ગોંધી રાખી બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે પેટલાદ રૂરલ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. આ કેસમાં પોક્સોની કલમ-6માં 20 વર્ષની સખત કેદ અને રૂ.25 હજારનો દંડ. દંડ ન ભરે તો વધુ 6 માસની સાદી કેદ, બીએનએસ કલમ-87માં 5 વર્ષની સખત કેદ અને રૂ. 5 હજારનો દંડ. બીએનએસ કલમ 137 (2) કેસમાં 2 વર્ષની સખત કેદ અને રૂ. 5 હજારનો દંડ. આ ઉપરાંત, કોર્ટે ભોગ બનનાર સગીરાને વળતર પેટે રૂપિયા 50 હજાર ચૂકવવાનો પણ હુકમ કર્યો છે.

### આંકલાવમાં દુષ્કર્મ કેસમાં સખ્ત કેદ

આંકલાવ પંથકની સગીરાને તેના માતા-પિતાને મારી નાખવાની ધમકી આપી અપહરણ કરી અજમેર લઈ જઈ દુષ્કર્મ આચરનારા સુરેશ ઉર્ફે ફિરોજ વાઘેલાને આણંદની સ્પેશિયલ કોર્ટે 20 વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે. સરકારી વકીલની ધારદાર દલીલો અને રજૂ કરેલા પુરાવાઓને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને ઈપીકો કલમ 376 (2) (એન) સહિત અન્ય કલમો હેઠળ કસુરવાર ઠેરવી દંડ પણ ફટકાર્યો છે. જો આરોપી કોર્ટ દ્વારા નિર્ધારિત દંડની રકમ ન ભરે તો તેને વધુ કેદની સજા ભોગવવાનો પણ હુકમ કરવામાં આવ્યો છે. આ સજાની સાથે જ કોર્ટે ભોગ બનનારી સગીરાના રૂ.4 લાખની સહાય ચૂકવવાનો આદેશ કર્યો હતો.

**સ્કોર્પિયો ગેંગ સક્રિય | સીસીટીવી ફૂટેજના આધારે પોલીસ તપાસ શરૂ**

# નડિયાદના પીજ રોડ પર ગાયોની તસ્કરી : ગૌપાલકોમાં ભારે રોષ

**અગાઉ** પણ ગૌવંશ કતલની ઘટનાઓથી સ્થાનિકોમાં રોષ



(પ્રતિનિધિ) નડિયાદ તા.6

નડિયાદ શહેરના પીજ રોડ પર આવેલી કદમનગરી સોસાયટી પાસે મોડી રાત્રે અજાણ્યા શખ્સો દ્વારા રખડતા પશુઓને વાહનમાં ભરી જવાનો પ્રયાસ પ્રકાશમાં આવ્યો છે. આ સમગ્ર ઘટના નજીકના CCTV કેમેરામાં કેદ થતા પંથકમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ છે. અગાઉ પણ આ વિસ્તારમાં તસ્કરોએ પશુઓ પકડવાની કોશિશ કરી હતી, પરંતુ સ્થાનિકો જાગી જતા તેઓ નાસી છૂટ્યા હતા. આવી વારંવાર બનતી આવી ઘટનાઓ અને અવાવરુ જગ્યાએથી મળી આવતા ગૌવંશને પગલે રહીશોએ પોલીસ મથકે ઉગ્ર રજૂઆત કરી છે.

નડિયાદના માર્ગો પર પશુઓનો અડિંગો યથાવત છે. નડિયાદ મનપાના કમિશનર અને ઢોર વિભાગની આળસને કારણે રસ્તા પર રખડતા પશુઓ તસ્કરોને ચોરી માટે મોકળું મેદાન પૂરું પાડે છે. જો તંત્ર દ્વારા પશુઓને ડબ્બે પૂરવાની કામગીરી પ્રમાણિકતાથી થતી હોત, તો આવી ઘટનાઓ પર લગામ લાગી શકી હોત. શહેરમાં અનેક પશુપાલકો સવાર-સાંજ ગાયો દોહી લીધા બાદ અથવા પશુ દૂધ આપતું બંધ થાય ત્યારે તેને રસ્તા પર બિનવારસી હાલતમાં રઝળતી મૂકી દેતા હોય છે. મુખ્ય માર્ગો પર ફરતા આ પશુનો લાભ ઉઠાવી તસ્કરો મોડી રાત્રે તેમને ગાડીમાં ભરી જઈ કતલખાને પહોંચાડતા હોવાની આશંકા સેવાઈ રહી છે.

# નડિયાદમાં નજીવા મુદ્દે ચપ્પુ મારતા બેને ઈજા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.6

નડિયાદ ઈન્દિરા નગરીમાં રહેતા બે પરિવારો વચ્ચે નજીવી બાબતે ઝઘડો થતાં પડોશીએ ચપ્પુ મારતા મહિલા અને પુરુષને ઈજા થઈ હતી.

નડિયાદ ઈન્દિરાનગરી ધુળામોહનના ફળિયામાં રહેતા વીજુબેન રાજેશભાઈ ઘરકામ કરે છે. વીજુબેનના જેઠ નવઘણભાઈ દુકાને જતા હતા તે દરમ્યાન પાડોશમાં રહેતા મહેન્દ્રભાઈ ફુલજીભાઈ અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી તેમને બોલવા લાગ્યા હતા જેથી તેઓને અપશબ્દ બોલવાની ના પાડતા મહેન્દ્ર એકદમ ઉશ્કેરાઈ જઈ નવઘણભાઈ સાથે ઝપાઝપી કરવા લાગ્યા હતા. જેની જાણ થતા વિજુબેન તથા તેમના પતિ બંને જણા છોડાવવા ગયા હતા ત્યારે મહેન્દ્રભાઈએ ચપ્પુ મારી ઝપાઝપી કરતા વિજુબેનને ચપ્પાની અણીથી પાસળીના ભાગે ઈજા થઈ હતી. જ્યારે નવઘણભાઈને પણ બરડાના ભાગે ચપ્પાથી ઈજા થઈ હતી.

આ વખતે બુમાબુમ થતા બીજા માણસો ભેગા થઈ જતા મહેન્દ્રભાઈ આજે તો તમે બચી ગયા છો પણ ફરી મારી સાથે ઝઘડો કરશો તો તમને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી નાસી ગયા હતા. આ બનાવ અંગે વિજુબેન રાજેશભાઈ દાતણીયાની ફરિયાદ આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે મહેન્દ્રભાઈ સામે ગુનો નોધી કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# બોરસદના માલવ તળાવમાં વૃક્ષો કાપતો શખસ પકડાયો

**નગરપાલિકાના** ચીફ ઓફિસરની ટીમે દરોડો પાડી 45,000નું લાકડું જપ્ત કર્યું

(પ્રતિનિધિ) બોરસદ તા.6

બોરસદ નગરપાલિકા હસ્તકના માલવ તળાવમાં રજા પરવાનગી લીધા વગર બાવળના ઝાડ કાપવાની ગેરકાનુની પ્રવૃત્તિનો પર્દાફાશ થયો છે. પાલિકાના ચીફ ઓફિસર અને અધિકારીઓની ટીમે બાતમીના આધારે સ્થળ પર રેડ કરીને 45,000 ની કિંમતના ઝાડ કાપી ટ્રેક્ટરમાં સગેવગે કરતા એક શખ્સને ઝડપી પાડ્યો છે.

બોરસદના માલવ તળાવમાં સરકારી અસ્કયામત સમાન વૃક્ષોની ચોરી થતી હોવાની વિગતો ચીફ ઓફિસરને મળતા તેઓ એક્શનમાં આવ્યાં હતાં. અધિકારીઓની ટીમે જ્યારે સ્થળ નિરીક્ષણ કર્યું ત્યારે મુસ્સીમુલ્લાખાન સિંકદરખાન પઠાણ નામનો શખ્સ બાવળના ઝાડ કાપી, તેના થડિયા ટ્રેક્ટર ટ્રોલીમાં ભરી રહ્યો હતો. કોઈ પણ સક્ષમ અધિકારીની મંજૂરી વિના આ કૃત્ય આચરવામાં આવી રહ્યું હોવાનું સ્પષ્ટ થતા તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

આ સમગ્ર મામલે બોરસદ નગરપાલિકાના આઉટસોર્સિંગ કર્મચારી સાજીદઅલી યાકુબઅલી સૈયદે પકડાયેલ આરોપી વિરુદ્ધ બોરસદ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

આણંદ જિલ્લામાં વૃક્ષો કાપવાની ગેરકાયદે પ્રવૃત્તિ દિવસે દિવસે વધી રહી છે. જેની સામે કડક કાર્યવાહી જરૂરી છે.

## કરમસદ-આણંદ મનપા કોંગ્રેસ સમિતિના પ્રમુખની નિમણૂક કરાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.6

કરમસદ-આણંદ મનપા કોંગ્રેસના સંગઠનને વધુ મજબૂત અને કાર્યક્ષમ બનાવવાના હેતુથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાના આદેશ અને વરિષ્ઠ નેતા ભરતસિંહ સોલંકીના માર્ગદર્શન હેઠળ મહર્ષિ ઉલ્લાસભાઈ પટેલની શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. આ નિમણૂકને કરમસદ-આણંદ મહાનગરપાલિકાના સ્થાનિક આગેવાનો અને કાર્યકરોએ ઉમળકાભેર આવકારી છે. આ નવનિયુક્ત પ્રમુખ મહર્ષિ પટેલ અગાઉ કરમસદ નગરપાલિકાના કાઉન્સિલર તરીકે સેવા આપી ચૂક્યા છે.

# લુણાવાડા એસટી ડેપો મેનેજર તાત્કાલિક અસરથી સસ્પેન્ડ

**વહીવટી** બેદરકારી અને મેન્ટેનન્સના ખોટા રિપોર્ટ આપવા બદલ કાર્યવાહી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.6

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના ગોધરા વિભાગ દ્વારા લુણાવાડા ડેપોના મેનેજર જે. એન. ગણાવાને ગંભીર વહીવટી બેદરકારી, ખોટા અહેવાલો રજૂ કરવા અને ફરજમાં ગંભીર નિષ્કાળજી બદલ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

લુણાવાડા ડેપો મેનેજર દ્વારા ગત 5મી ફેબ્રુઆરી,2026ના રોજ વાહનોની ચકાસણી અંગેનું પ્રમાણપત્ર વિભાગીય કચેરીને મોકલી આપવામાં આવ્યું હતું. જોકે, વિભાગીય યાંત્રિક ઈજનેર દ્વારા કરવામાં આવેલી સરપ્રાઈઝ ચેકિંગમાં કુલ 10 વાહનોમાં ગંભીર પ્રકારની અનિયમિતતાઓ જોવા મળી હતી. જે સાબિત કરે છે કે ડેપો મેનેજર દ્વારા મોકલવામાં આવેલું પ્રમાણપત્ર વહીવટને ગેરમાર્ગે દોરવા માટે હતું.

આ દરમિયાન, 24મી ફેબ્રુઆરી 2026ના રોજ લુણાવાડા ડેપોની બસ નંબર GJ-18-Z-1750 નો પેસેન્જર દરવાજો ચાલુ બસે ખુલી જતાં પોલીસ કોન્સ્ટેબલનું મોત નિપજ્યું હતું. આ ઘટના બાદ ડીએમઈ (ગોધરા) દ્વારા સ્થળ મુલાકાત લેતા જાણવા મળ્યું હતું કે, બસના પેસેન્જર દરવાજાની મેઈન લોકની કવર પ્લેટ તૂટેલી હાલતમાં હતી અને તેનું સેફ્ટી લોક પણ કાર્યરત નહોતું. વિભાગીય નિયામકના આદેશ મુજબ, ડેપો મેનેજર દ્વારા ઉચ્ચ કચેરીની સૂચનાઓનો અનાદર કરી, નબળું સુપરવિઝન અને ફરજમાં ગંભીર બેદરકારી દાખવવામાં આવી હોવાનું પુરવાર થયું છે. આ સસ્પેન્શનના ગાળા દરમિયાન જે. એન. ગણાવાએ હાલોલ ડેપો ખાતે હાજરી પુરાવવાની રહેશે અને સક્ષમ અધિકારીની મંજૂરી વગર હેડ ક્વાર્ટર છોડી શકશે નહીં.

# આણંદ શહેરમાં તુલસી ગરનાળા પાસે બોક્સ ડ્રેનનું કામ અધૂરું રહેતા ઉગ્ર રોષ

**સુરક્ષા** રેલિંગના અભાવે અકસ્માતનો ભય અને ગંદકીના સામ્રાજ્યથી સ્થાનિક રહિશો પરેશાન

(પ્રતિનિધિ) આણંદ તા.6

આણંદ મહાનગરપાલિકા હેઠળના તુલસીગરનાળા પાસેથી પસાર થતા કાંસ પર બોક્સ ડ્રેન અને ફોરલેન માર્ગ બનાવવાનું કામ લાંબા સમયથી ખોરંભે પડતા સ્થાનિક રહીશોમાં ભારે અસંતોષ ફેલાયો છે. વર્ષ 2023માં રાજ્યના મંત્રી કુંવરજી બાવળીયા દ્વારા આ વિસ્તારમાં બોક્સ ડ્રેન અને ફોરલેન રસ્તો બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ આજદિન સુધી આ કામગીરી પૂર્ણ કરવામાં આવી નથી.



આણંદના તુલસીગરનાળા પાસે આવેલી અનેક રહેણાંક સોસાયટીઓ અને મુખ્ય માર્ગ પરથી પસાર થતા નાગરિકો માટે આ કાંસ જોખમી સાબિત થઈ રહ્યો છે. હાલમાં ત્યાં કોઈ પણ પ્રકારની સેફ્ટી રેલિંગ કે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી નથી, જેના કારણે ખાસ કરીને રાત્રિના સમયે અને વરસાદી ઋતુમાં ગંભીર અકસ્માત થવાની ભીતિ સેવાઈ રહી છે. આ ઉપરાંત, કાંસની નિયમિત સફાઈ થતી ન હોવાથી ગંદકી, દુર્ગંધ અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે, જે સ્થાનિકોના આરોગ્ય માટે ખતરો બની રહ્યો છે.

આ અંગે સામાજિક કાર્યકર હર્ષિલ દવેએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, તુલસીગરનાળા પાસે બોક્સ ડ્રેનમાં તાકીદે પગલાં લેવા માગણી કરી છે. અગાઉ જાહેર કરાયેલા બોક્સ ડ્રેન અને ફોરલેન માર્ગનું કામ તાત્કાલિક પૂર્ણ કરવામાં આવે. કાંસની આસપાસ મજબૂત સેફ્ટી રેલિંગ લગાવવામાં આવે. કાંસની નિયમિત સફાઈ માટે કાયમી વ્યવસ્થા કરવામાં આવે. આ સાથે રહીશોએ ચિમકી પણ ઉચ્ચારી છે કે, જો આ મામલે તંત્ર દ્વારા ત્વરિત કામગીરી શરૂ કરવામાં નહીં આવે, તો ભૂખ હડતાલ પર ઉતરશું.


